અપીલ અરજી નં.૩૫૭ તા.૨૯–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો.અજીતકુમાર એસ.પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.અજીતકુમાર એસ.પટેલની તા. ૪–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડો.વસુમતીબેન અજીતકુમાર પટેલ ધ્વારા તા. ૦૫–૦૧–૧૯૮૦ના રોજ બાંધકામ માટે ૧૭,(અ,બ) કુબેરનગર–૧, સર્વે નં. ૪૫૪, કોર્પોરેશનની રસીદ નં.૬૭૪૬૦થી પૈસા ભરી પાણીનું કનેકશન લેવામાં આવેલ બાંધકામ પૂર્ણ થયેથી તા. ૦૫–૦૬–૧૯૮૧ના રોજ આ કનેકશન વસવાટમાં ફેરવવા બાબત અરજી કરવામાં આવેલ તો આ અંગે આપના ખાતા ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે ? તેની માહિતી આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૭/૨૦૧૧–૧૨

શ્રી ડો.અજીતકુમાર એસ.પટેલની તા. ૪–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડો.વસુમતીબેન અજીતકુમાર પટેલ ધ્વારા તા. ૦૫–૦૧–૧૯૮૦ના રોજ બાંધકામ માટે ૧૭,(અ,બ) કુબેરનગર–૧,સર્વે નં. ૪૫૪, કોર્પોરેશનની રસીદ નં. ૬૭૪૬૦ થી પૈસા ભરી પાણીનું કનેકશન લેવામાં આવેલ બાંધકામ પૂર્ણ થયેથી તા. ૦૫–૦૬–૧૯૮૧ના રોજ આ કનેકશન વસવાટમાં ફેરવવા બાબત અરજી કરવામાં આવેલ તો આ અંગે આપના ખાતા ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે ? તેની માહિતી આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/ આઉટ/૪૬૬૬ તા. ૫–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વસુલેલ વેરા પાણી કનેકશનની દફતરી હકીકત તથા આપેલ અરજીઓ અંગે થયેલ નહીં–થયેલ કાર્યવાહીની નકલો સહિત વિગત સ્પષ્ટ કરવા સાથે તત્કાલીન સમયની પાણીચાર્જ ટેક્ષ અંગેની જોગવાઈ નકલો સહ મોકલવા તથા નહીં ઉપલબ્ધ દફતર અંગે આવેલ વેરા વસુલાત ખતવણી રજીસ્ટર, કોમ્પ્યુટર, પ્રોગ્રામમાં સેવ કરેલ માધ્યમ પરની વિગતો ઉપલબ્ધ હોય તો નકલ, કાર્યવાહી માટે જવાબદારની દફતરી વિગતો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૯ તા.૮–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને મુદ્દા નં.(૧) તા. ૦૫–૦૬–૧૯૮૧ની મનપામાં જમા કરાવેલ અરજી મુદ્દા નં.(૫) અને (૬) અંગે તેમણે કરેલ રજુઆત–અરજીના આધાર હોય તો રજુ કરવા તથા તેમણે જે પણ વેરો ૩૦ વર્ષ દરમ્યાન ભરેલ હોય તેની તેમની કક્ષાએથી ઉપલબ્ધ માહિતી નકલ સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૭૮૩ તા.૨૮–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની ફી ભર્યાની વિગત, મુળ અરજીની નકલ, ટેના નં.૧૫ડી–૧૩–૦૬૩૧–૦–૦૦૧ ના ૨૦૧૧–૧૨ ના વર્ષનુ વેરાબીલની નકલ, ડો. વસુબેનની તા.૫–૬–૮૧ ની બાંધકામ માટેના કનેકશન બાબતે આપેલી અરજીની પહોંચ, સદર ટેના નંબર ૨૦૦૩–૦૪–૦૫–૦૬–૦૭–૦૮–૦૯–૧૦–૧૧તથા તા.૨૯–૩–૧૧ નું પાર્ટી સ્ટેટસની નકલ, સદર ટેના નંબરનું ૧૯૯૨–૯૩,૧૯૯૪–૯૫ ના ડીમાન્ડ રજીસ્ટરની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૬૬૬ તા.૫–૧૦–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.નં.એન.ઝેડ/આ.નં.૫૦૮૪ તા.૨૧–૧૦–૧૧ના પત્રની નકલ,ટેના નં.૧૫ડી–૧૧–૪૦૬૧–૦–૦૦૧ ના વર્ષ ૨૦૧૧–૧૨ ના વેરાબીલની નકલ, અરજદારને પાઠવેલ યાદપત્ર–૧, પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૩૯૩ તા.૧૨–૧૧–૧૧ ના પત્રની નકલ, ટપાલબુકની નકલ, અરજદારને નં.એન.ઝેડ/એઆરડી/૫૨૭ તા.૨૪–૧૧–૧૧ ના પત્રની નકલ તથા ૧૫ડી–૪૦૬૧–૦–૦૦૧ ના વોટર ટેક્ષ ભરપાઈની ૮૦–૮૧ થી ૧૧–૧૨ સુધીની ગણતરી પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૪–૯–૧૧ ની જાહેર માહિતી અધિકારી સુરત મહાનગપાલિકાને સંબોધતી જે તા.૮–૯–૧૧ ના રોજ કતારગામઝોન ખાતે મળેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/૪૬૬૬ તા.૫–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે મળેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ડો.વસુમતીબેન અજીતકુમાર પટેલ ધ્વારા તા. ૦૫–૦૧–૧૯૮૦ના રોજ બાંધકામ માટે ૧૭,(અ,બ) કુબેરનગર–૧,સર્વે નં. ૪૫૪, કોર્પોરેશનની રસીદ નં.૬૭૪૬૦થી પૈસા ભરી પાણીનું કનેકશન લેવામાં આવેલ બાંધકામ પૂર્ણ થયેથી તા. ૦૫–૦૬–૧૯૮૧ના રોજ આ કનેકશન વસવાટમાં ફેરવવા બાબત અરજી કરવામાં આવેલ

હોઈતો આ અંગે આપના ખાતા ધ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે ? તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કુબેરનગર –૧,પ્લોટ નં.૧૭ (અ,બ) ના ડો. વસુમતીબેન અજીતકુમાર પટેલની મિલ્કતવાળા ભાગમાં આવતા જુના ટેના નં.૧૫ડી–૧૩–૦૬૩૧–૦–૦૦૧ ના વેરાબીલમાંથી વોટર ચાર્જ રદ કરી નવા ટેના નંબર ૧૫ડી –૧૩–૪૦૬૧–૦–૦૦૧ માં સદર વોટર ચાર્જ દાખલ કરવા અંગે આકારણી ખાતાને જાણ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પ્રશ્ન નં.૧ ના જવાબથી સંતોષ નથી. બાંધકામનું કનેકશન રહેઠાણમાં ફેરવવા માટે ૫–૬ ૧૯૮૧ ની અરજીની ઉપર કાર્યવાહી કરઈ તારીખે કરવામાં આવી? તે જણાવેલ નથી. ૩૦ વર્ષ સુધી કાર્યવાહી ન કરવાના કારણો પણ દર્શાવ્યા નથી. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૨) બાંધકામ કનેકશનના વેરા પેટે ૧૯૮૧ થી ૨૦૧૧–૧૨ ના વેરા પેટે પ્રતિ વર્ષ કેટલા રૂપિયા જમા કરાવવામાં આવ્યા છે તેની પ્રત્યેક વર્ષવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજી સાથે રજૂ કરેલ ટેના નં.૧૫ડી–૧૩–૦૬૩૧–૦–૦૦૧ ના વેરા પેટે કતારગામઝોન કક્ષાએથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવા જોગ ૧૯૮૯–૯૦,૧૯૯૦–૯૧, ૧૯૯૨–૯૩,૧૯૯૪–૯૫, અને ૧૯૯૬–૯૭ ના વર્ષના ડીમાન્ડ રજીસ્ટર તેમજ વર્ષ ૨૦૦૨–૦૩ થી વર્ષ ૨૦૧૧–૧૨ ના પાર્ટી સ્ટેટસની નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ – ૧૪ નકલના રૂા.૨૮/– ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે પાર્ટી સ્ટેટસ મુજબ વસવાટના ધોરણે વેરો વસુલવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં સને ૧૯૮૧ થી ૨૦૧૧–૧૨ સુધી વેરા પેટે પ્રતિ વર્ષ કેટલા રૂપિયા જમા કરાવામાં આવ્યા છે? તેની પ્રતિ વર્ષવાર માહિતી માંગેલ, જેના જવાબમાં માત્ર કેટલાક વર્ષની રેકોર્ડના ઉતારાની નકલ આપવાની વાત કરેલ છે. જે નકલોનો વાસ્તવમાં મારી પાસેથી જ લઈ જવામાં આવ્યો છે. મને ભરેલ વેરાની રકમ પ્રત્યેક વર્ષવાર વિગત આપો. રેકોર્ડ નહી આપેલ જવાબ મુજબ પાર્ટી સ્ટેટસ મુજબ વસવાટના ધોરણે વેરો વસુલવામાં આવે છે પણ સાથે સાથે મારી માંગેલી માહિતી મુજબ ડો. વસુમતીબેન પટેલે વસવાટના ધોરણે પણ પાણી વેરો ભરપાઈ કરેલ છે તે ઉપરાંત બાંધકામ કનેકશન પેટે ટેના નં.૧૫ડી–૧૩–૦૬૩૧–૦–૦૦૧ થી પણ પ્રતિ વર્ષ વેરા પેટે રૂપિયા જમા કરાવેલ છે તો ટેના નં ૧૫ડી–૧૩–૦૬૩૧–૦–૦૦૧ ખાતે ૧૯૮૧ થી ૨૦૧૦–૧૧ દરમ્યાન પ્રતિ વર્ષ બાંધકામ કનેકશન પેટે રૂપિયા જમા લેવામાં આવ્યા છે? તેની સંપૂર્ણ માહિતી આપો. જે અંગે અરજદારને ડીમાન્ડ રજીસ્ટર તેમજ પાર્ટી સ્ટેટસ મેળવવા અંગે દસ્તાવેજ ફી ના રૂા.૨૮/– જણાવવામાં આવેલ. તેમ છતાં તેમના તરફથી ભરપાઈ નહીં થતા જાહેર માહિતી અધિકારી તરફથી એન.ઝેડ/૫૩૯૩ તા.૧૨–૧૧–૧૧ થી સદર સંદર્ભે પુનઃ યાદપત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારે તે માહિતી મેળવેલ છે કેમ? તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. વધુમાં અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/૫૨૭ તા.૨૪–૧૧–૧૧ થી સને ૧૯૮૦–૮૧ થી સને ૨૦૧૧–૧૨ વોટર ચાર્જ અને વોટર ટેક્ષ અંગેના ગણતરી પત્રકો પૂરા પાડવામાં આવેલા છે. મુદ્દા નં.(૩) જે મિલ્કતમાં વસવાટ હોય તો તે મિલ્કતના વેરા બિલમાં પાણી વેરો પણ લેવામાં આવે છે કે કેમ? જો લેવામાં આવતો હોય તે ઉપરોકત મિલ્કતમાં ૧૯૮૧ થી ૨૦૧૧ –૧૨ સુધીમાં કેટલો વેરો લેવામાં આવ્યો છે? તેની વર્ષવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતમાં વસવાટના ધોરણે પાણી કનેકશન હોવાથી પાણી વેરો લેવામાં આવે છે. ઉપરોકત મુદ્દા નં.૨ મુજબ દસ્તાવેજ ફી ભરપાઈ કર્યેથી ડીમાન્ડ રજીસ્ટર અને પાર્ટી સ્ટેટસની નકલો મેળવી શકો છો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે પ્રશ્ન નં.૩ ના જવાબમાં મને સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી તેવું જણાવેલ છે. જે અંગે મુદ્દા નં.૨ માં ઉલ્લેખ કરવામાં આવેલછે. મુદ્દા નં.(૪) એક જ મિલ્કતમાં બે વાર પાણી ઉઘરાવવો કેટલું યોગ્ય છે? કયા કાયદાના આધારે એક જ મિલ્કત પર બે વાર પાણી વેરો છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધુ સમય સુધી ઉઘરાવવામાં આવ્યો છે? અને તે માટે જવાબદાર કોણ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એક જ મિલ્કત ઉપર લીધેલ કનેકશન મુજબની સંખ્યા મુજબનો વેરો વસુલ લેવામાં આવે છે. પ્રશ્નવાળી મિલ્કતનો પાછલા વર્ષનો રેકર્ડ ચકાસી વસુલ લીધેલ વોટર ચાર્જ તથા ટેક્ષ. અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પ્રશ્ન નં.૪ ના જવાબમાં મને લાગે છે કે મને જાણી જોઈને સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી જો કોઈ જવાબદાર હોય તો તેના નામ આપશો અને તેના પર શી કાર્યવાહી કરવામાં આવી તે મને જણાવશો. તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. મુદ્દા નં.(૫) ઉપરોકત સ્થળે બે વાર પાણી વેરાબીલ લેવામાં આવે છે તે બાબત વારંવાર રજૂઆત કરવા છતાં શા માટે રદ કરવામાં આવતું નથી? તે માટે જવાબદાર કોણ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રજૂઆત બાબતે પાછલા વર્ષનો રેકર્ડ તપાસી નિયમોનુસાર ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પ્રશ્ન નં.૫ ના જવાબમાં મને લાગે છે કે મને જાણી જોઈને સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી જો કોઈ જવાબદાર હોય તો તેના નામ આપશો અને તેના પર શી કાર્યવાહી કરવામાં આવી તે મને જણાવશો. જે અંગે અત્રેથી મુદ્દા નં.૫ અંગે વારંવાર રજૂઆત અંગેના આધાર માંગવા છતાં અરજદાર અપીલ તબકકે તેમ કરવામાં સફળ રહેલ નથી. મુદ્દા નં.૬ વર્ષ ૨૦૧૧–૧ ૨ માં ટેનામેન્ટ ૧૫ડી –૧૩ –૦૬૩૧ –૦–૦૦૧ થી બીલ આવે છે ચાર વર્ષ પહેલા મહાનગરપાલિકાએ વર્તમાન પત્રોમાં જાહેરાત આપીને આવા કનેકશનના બીલો રદ કરવા માટે અરજીઓ મંગાવેલી હતી તે સમયે પણ નોર્થઝોનમાં બીલ રદ કરવા અરજી આપેલ. તે બાબતમાં કોઈ કાર્યવાહી થઈ નથી જે આ બીલ પરથી સાબિત થાય છે. આ બાબતમાં કોઈ જવાબદાર છે તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અગાઉના રેકર્ડ ચકાસી આ અંગની કાર્યવાહી કરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પ્રશ્ન નં.૬ ના મને લાગે છે કે મને જાણી જોઈને સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી જો કોઈ જવાબદાર હોય તો તેના નામ આપશો અને તેના પર શી કાર્યવાહી કરવામાં આવી તે મને જણાવશો. જે બાબતે અપીલ તબકકે નોર્થ ઝોનમાં બીલ રદ કરવા માટે અરજી આપેલ અને તે બાબતે કોઈ કાર્યવાહી થઈ નથી તેના આધાર રજૂ કરવામાં પણ અરજદાર અસફળ રહેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ થી ૬ માં જવાબદાર કર્મચારીઓ બાબત વર્ષો જુની હોય કોઈ જવાબદારી નકકી થઈ શકે તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ ૧૯૮૧ થી ૨૦૧૧–૧૨ સુધી મિલ્કત વેરામાં તેમજ નળ કનેકશન વેરામાં જે વધારાનો વેરો કોર્પોરેશને લીધેલ છે શું આપ તે વધારાનો વેરો પરત આપવા માંગો છો? જો હા તો કેટલા સમયમાં પરત કરવા માંગો

છો? તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અગાઉના રેકર્ડ ચકાસી આ અંગેની કાર્યવાહી કરવામાં આવશે. એક જ મિલ્કત ઉપર વોટર ટેક્ષ તેમજ વોટર ચાર્જ વસુલ લેવામાં આવેલ હશે તો વોટર ટેક્ષની રકમ બીલમાં બાદ આપવામાં આવશે. જે અંગે અરજદારે અપીલમાં પ્રશ્ન નં.૭ ના જવાબમાં મને લાગે છે કે મને જાણી જોઈને સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી જો કોઈ જવાબદાર હોય તો તેના નામ આપશો અને તેના પર શી કાર્યવાહી કરવામાં આવી તે મને જણાવશો. વિશેષમાં પાણી ખાતાના કોઈ અધિકારીએ થોડા દિવસ પહેલા ફોન ધ્વારા જણાવેલ કે "ડબલ વેરા પેટે કેટલાક વર્ષોના પ્રાપ્ય રેકોર્ડ અનુસાર ૩૫૦૦/- રૂા. વસવાટના વેરા બીલ ટેના નં.૧૫ડી-૧૩ – ૪૦૬૧ -૧ -૦-૦૦૧ ખાતે જમા આપવામાં આવશે. અને તે મુજબ તમને પત્ર મોકલી રહયા છીએ " પણ મને આજ દિન સુધી આવો કોઈ પત્ર પ્રાપ્ત થયો નથી. ડો. વસુબેનનો બધા જ વર્ષોનો પરત મળવા માત્ર વેરો કેટલો થાય? તેની પ્રતિ વર્ષવાર ગણતરી જણાવવા વિનંતી. જે વર્ષોનો રેકોર્ડ ઉપલબ્ધ ન હોય તેટલા કારણથી પૂરેપૂરો વેરો પરત ન કરવો. યોગ્ય નથી. ડો. વસુબેન પટેલે જો વેરો ભરપાઈ ન કર્યોહોત કે મોડો વેરો ભર્યો હોય તો તેમના ઉપર કોર્પોરેશને વ્યાજ વસુલ્યુ જ હોય. તેથી જેટલા વર્ષનો રેકર્ડ અપ્રાપ્ય હોય તેના આગળના પાછળના વર્ષના વેરાના આધારે અનુમાનથી અપ્રાપ્ય વેરાની ગણતરી કરવી અશકય નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૦૮૪ તા.૨૧-૧૦-૧૧ થી મુદ્દા નં.૭ અન્વયે કરવામાં આવેલ સ્પષ્ટતાના અનુસંધાને જણાવેલ છે કે આપશ્રીનું જુના ટેના નં.૧ ૫ડી-૧૩-૦૬૩૧-૦-૦૦૧ નું પાણીનું બીલ રદ કરી તેની જમા રકમ રૂા.૩૫૧૭.૧૦ પૈસા નવા ટેના નં.૧૫ડી- ૧૧ -૪૦૬૧-૦-૦૦૧ ઉપર ટ્રાન્સફર કરવામાં આવેલ છે. આ સાથે ટેના નં.૧૫ડી-૧૧-૪૦૬૧-૦-૦૦૧ નું વર્ષ ૨૦૧૧ -૧૨ નું સુધારેલ બીલની મુળ નકલ આ સાથે સામેલ છે. જે અંગે સુધારેલ બીલની નકલ અત્રે રજૂ કરેલ છે તેમાં ૩૫૧૭.૧૦ જમા લીધેલ દર્શાવેલ છે. વધુમાં અરજદારને જુના તેમજ નવા બીલોના વોટર ચાર્જ અને વોટર ટેક્ષ અંગેના સને ૧૯૮૦-૮૧ થી સને ૨૦૧૧-૧૨ સુધીના ભરપાઈ કરેલ વેરા અંગેના પત્રકો અરજદારને પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૫૨૭ તા.૨૪-૧૧-૧૧ થી પૂરા પાડવામાં આવેલ છે. આમ અરજદારને તેમના મુદ્દા નં.૧ થી ૭ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૮ બીજી અપીલ કોને કરવી જે અંગે આરટીઆઈ એકટની કલમ-૧૯(૩) હેઠળ દિન-૯૦ માં ગુજરાત માહિતી આયોગ,સેકટર-૧૮,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર , નિયામકની કચેરી, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪-૯-૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલમાં મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જો અરજદાર પ્રથમ અપીલના હુકમથી નારાજગી હોય તો આરટીઆઈ એકટની કલમ-૧૯(૩) હેઠળ દિન-૯૦ માં ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર , નિયામકની કચેરી, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૧૨-૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી ડો.અજીતકુમાર એસ.પટેલ,